VOL. NO. 03 ISSUE NO. 5 MAY 2017 PRICE 30/-

# હાદી
માસિક

**બાળકો અને નવયુવાનો માટે**

રમઝાનુલ મુબારક, હિજરી સન ૧૪૩૭
મે - ૨૦૧૬

## અંક - ૬

شهر رمضان الذي أنزل فيه القرآن



બઈસ્મેહી સુબ્હાનહૂ તઆલા

વહાલા બાળકો! અસ્સલામો અલયકુમ

અલ્લાહનું ઘર ખાનએ કાઅબા છે. અલ્લાહની કિતાબ (પુસ્તક) કુરઆન છે. અલ્લાહનો દીન ઈસ્લામ છે. તેવી જ રીતે અલ્લાહનો મહીનો રમઝાનુલ મુબારક છે.

રમઝાનુલ મુબારકનો મહીનો રોઝા રાખવાનો-ઈબાદતોનો અને કલામે પાકની તિલાવત કરવાનો મહીનો છે. અમે પણ આમાં આ બાબતો વિશે તમારા માટેની જાણકારી અને અન્ય ઘણી વસ્તુઓ એકત્ર કરી છે.

બંદગીના આ માસમાં ખુદાએ ભુખ્યા અને તરસ્યા રહેવાને પોતાની સાચી બંદગી ગણી છે.

આ મહીનામાં જ શબે કદ્ર આવે છે. શબે કદ્રમાં લવહે મહેફૂઝ ઉપર કુરઆન ઉતારવામાં (નાઝિલ કરવામાં- લખવામાં) આવ્યું છે અને ઈમામતના સિલસિલાની બીજી કડી - રસુલે સકલૈન (સ.અ.વ.)ના ફરઝન્દની મુબારક વિલાદતે તો રમઝાન માસની મહાનતામાં અનેકગણો વધારો કરી દીધો છે.

પરંતુ ઓગણીસમી, વીસમી અને એકવીસમી તારીખોને પણ ભૂલવી જોઈએ નહીં. આ ગમના દિવસો છે. ઓગણીસમીએ આપણાં મૌલાને વાર કરવામાં આવ્યો જેને કારણે એકવીસમી એ આપની શહાદત થઈ ગઈ હતી. આ દિવસોમાં બીજી ઈબાદતો સાથે ઈમામના સોગમાં શરીક થવાનું અને ગમ મનાવવાનું ભૂલતાં નહી.

અને આ મહીનો ખતમ થયા પછી તરત જ આપણાં માટે ઈદની મહાન ભેટ પણ આવશે જ.

વહાલા મિત્રો! અમને અને આપના હાદીને પોતાની ખુશીઓમાં ભૂલી જતાં નહીં, હોં!

વસ્સલામ

ઝેરે સરપરસ્તી હઝરતે હુજ્જત

અરવાહોના ફિદાહ, અજ્જલલ્લાહો તઆલા ફરજહુશ્શરીફ

મર્હુમ જનાબ મૌલાના આબીદ હુસૈન રીઝવી

સાહેબની યાદમાં

**મુખ્ય તંત્રી :**

સૈયદ મોહમ્મદ રેઝા રિઝવી ગરવી

**કાર્યવાહક તંત્રી :**

સૈયદ મોહમ્મદ અફ્ઝ્ર

સૈયદ આબીદ હુસૈન એ રિઝવી 7383560072

**સહાયકો :**

અહમદ રેઝા ઝુરારહ

તાલીમ રેઝા અજ્મેરી

એહસાન અલી રિઝવી

**અનુવાદક :**

સૈયદ મોહમ્મદ ફાઝિલ બુખારી આઈ. એ. એસ (નિવૃત્ત)

**શુશોભન :**

Heb Grafix મોહમ્મદ તાહીર

9898937633 E-mail: smtahir202@gmail.com

**ટુરીંગ એજન્ટ :**

સૈયદ મીસમ મેહદી રિઝવી 9510344219

## "હાદી" માસિકના મેમ્બર બનવા માટે સંપર્ક કરો:

| | |
|---|---|
| **અમદાવાદઃ** | (૧) શબ્બીર ભાઈ નુરાની, ફોનઃ ૯૩૭૬૧૬૮૩૦૬ |
| | (૨) મૌલાના ઝફરુલ હસન, ફોનઃ ૯૩૨૭૫૩૬૬૩૮ |
| | (૩) ઝાકીર ભાઈ મોમીન, ફોનઃ ૯૩૨૭૦૪૧૩૧૪ |
| **ભાવનગરઃ** | મુસ્તાકભાઈ વિરાણી, ફોનઃ ૯૮૨૪૫૩૮૧૧૪ |
| **મહુવાઃ** | મહેદીરઝા એમ. બંભોરા, ફોનઃ ૯૯૨૪૩૨૭૨૨૭ |
| **કાણોદરઃ** | નૌશાદભાઈ, જાફરી ચેનલ, ફોનઃ ૯૯૯૮૭૭૩૬૧૧ |
| **મેતાઃ** | મોહસીનભાઈ કડીવાલ, ફોનઃ ૯૮૯૮૩૬૯૦૮૯ |
| **ભરૂચઃ** | મુશ્તાકઅલી પાનવાલા, ફોનઃ ૯૮૨૪૨૪૩૦૫૧ |
| **ધોળકાઃ** | કમરઅલી મોમીન |
| **અંજારઃ** | રફીકભાઈ ખોજા, ફોનઃ ૯૯૨૫૩૧૮૬૨૧ |
| **રૂસ્તમપૂરાઃ** | સૈયદ આશીક હુસૈન, ફોનઃ ૯૮૨૪૧૧૯૩૭૨ |
| **રાજૂલાઃ** | મૌલાના હસન મહેદી, ફોનઃ ૯૯૦૪૧૪૬૧૧૦ |
| **સેલવાસાઃ** | ગુલામ અબ્બાસભાઈ દેવજાણી, ફોનઃ ૯૮૨૫૯૯૯૯૭૮ |
| **સિહોરઃ** | હસનઅલી વજીરઅલી વસાયા, ફોનઃ ૯૮૭૯૯૬૯૮૬૮ |
| **કચ્છઃ** | મુશ્તાક હુસૈન અબ્દુલ હુસૈન માસ્ટર, ફોનઃ ૯૮૨૪૨૧૬૪૭૦ |
| **ડેડીયાપાડાઃ** | રિઝવાન હુસૈન અમીરઅલી રાજાણી, ફોનઃ ૯૪૨૭૧૭૫૨૩૧ |

**ખાસ નોંધ:** સભ્ય તથા એજન્ટ મિત્રોને નમ્ર અરજ છે કે જેનું અગાઉનું લવાજમ બાકી છે તે અને નવા વર્ષનું લવાજમ મોકલી આપવા વિનંતી.

## વિગતો માટે સંપર્ક :

હૌઝએ ઈલમીયહ ઈમામ ખુમૈની (રહ.) ગોલ્ડન પાર્ક, વટવા, અમદાવાદ, ગુજરાત, ભારત

E-mail: hadimasik@yahoo.com Website: www.hadikids.org

PHONE NO: 079-25892786, 94266 78614, 70969 21472, 97247 37865

**વાર્ષિક લવાજમ: રૂપિયા ૩૦૦/-**

# પોતાના બાળકોને નમાઝી (નમાઝ પઢવામાં નિયમિત) કેવી રીતે બનાવવા?

આપણામાં અનેક મુસલમાનો એવા છે કે જેઓ લાખો રૂપિયાના સદકા, દાન દક્ષિણા કરે છે, હજ અને ઉમરાએ જાય છે, પોતે નમાઝ પણ નિયમિત અદા કરે છે પરંતુ શું આપણાં બાળકો પણ આપણી જેમ જ નમાઝના મહત્વને સમજે છે કે કેમ? ત્યારે આ પ્રશ્નનો મોટા ભાગે તો જવાબ એવો જ મળે છે કે શું કરીએ? અમારું બાળક નમાઝ પ્રત્યે તો ધ્યાન જ નથી આપતું?

ખરેખર તો આ સમસ્યાનો ઉકેલ લાવવામાં આપણે એટલા માટે જ નિષ્ફળ રહીએ છીએ કે આપણે પોતે નમાઝના મહત્વને ખરી રીતે સમજ્યાં જ નથી. મુસલમાનો તરીકે આપણાંમાં ઘણી ઉણપો છે. આપણેં બેસીને આપણો પોતાનો જ જવાબ લેવો જોઈએ કે આમાં આપણી શું ભૂલ છે?! ક્યાંક આપણાં પોતાના હાથ તો -કોઈ ભૂલમાં- ખરડાએલાં નથી ને?? કે જેનો પ્રભાવ આપણાં બાળકો ઉપર પડતો હોય. તેથી સૌથી પહેલાં તો

إن الصلاة تنهى عن الفحشاء والمنكر

પોતાના ચરિત્રને સુધારવું જોઈએ કેમકે નાનકડી ભૂલનો પ્રભાવ પણ બાળમાનસ ઉપર થાય જ છે.

બાળકોને નમાઝમાં નિયમિત બનાવવાની સૌથી શ્રેષ્ઠ કાર્ય પધ્ધતિ એ જ છે કે તેમના બાળપણથી જ આપણે પોતે તેમને સાથે રાખીને જ નમાઝ પઢીએ. મસ્જિદમાં જઈને નમાઝ પઢતાં હોઈએ તો ત્યાં સાથે લઈ જઈએ અને ઘરમાં નમાઝ પઢીએ ત્યારે પણ સાથે રાખીએ, ખાસ કરીને જ્યારે બાળક ૫-૬ વરસનો થઈ જાય તે પછી તો અવશ્ય જ. કેમકે આ વયના બાળકોમાં બીજાઓ, ખાસ કરીને પોતાના ઘરના વડીલોની નકલ કરવાની-અનુસરણ કરવાની વૃત્તિ ખૂબ જ સતેજ હોય છે તેથી આ ઉમરે સારા કાર્યોની ટેવ પાડી દેવામાં આવે તો બાળક પોતે જ ભવિષ્યમાં પણ તે પ્રમાણે અમલ કરતો જ રહેશે. આપણાં નબીયે અકરમ સ.અ.વ.ની પણ ટેવ એવી હતી કે મસ્જિદ ઉપરાંત ઘરમાં પણ ઈબાદત કરતાં હતાં અને પોતાના અનુયાયીઓને પણ આજ્ઞા આપતાં હતાં કે કેટલીક મુસ્તહબ નમાઝો ઘરમાં જ પઢો જેથી કરીને તમારા બાળકો આ કાર્યમાં તમારૂં અનુકરણ કરે.

الصلاة عمود الدين

તદ્ ઉપરાંત ખાસ કરીને માતાઓને તાકીદ કરવામાં આવે છે કે જ્યારે માં ઘરમાં નમાઝ પઢે તો બાળકોને સાથે રાખીને નમાઝ પઢે. અનુભવ થએલો છે કે જ્યારે બાળકને નમાઝ પઢવા માટે કહેવામાં આવે ત્યારે બાળકોનો જવાબ એવો હોય છે કે અમે ત્યારે જ નમાઝ પઢીએ છીએ કે જ્યારે અમારી માં નમાઝ પઢતી હોય છે. એટલે કે માતા-પિતા પોતે નમાઝી ન હોય અને બાળપણથી જ બાળકો ઉપર પણ આ બાબતે ધ્યાન ન આપે તો પરિણામ વિપરિત જ આવે છે.

મિત્રો! નમાઝનું ઘણું જ મહત્વ છે અને તેની ઘણી જ ફઝીલતો છે. અહિયાં અમે એક પ્રસંગનું વર્ણન કરીએ છીએઃ

એક ઘરમાં એક ચોર પ્રવેશ્યો. આખા ઘરમાં શોધ-ખોળ કરતાં પણ તેને કાંઈ હાથ લાગ્યું નહીં. ઘરના એક ખૂણામાં મકાન માલિક નમાઝ પઢી રહ્યો હતો. જ્યારે ચોર આખાયે ઘરમાં ખૂબ જ તલાશી લઈ ચૂક્યો ત્યારે તે નમાઝીએ બુમ પાડીને કહ્યુંઃ ‘‘હે ખુદાના સેવક! આ આજે રાત્રે મારી સાથે નમાઝ પઢી લે -ઈબાદત કરી લે- સવારે હું તને પૈસા આપીશ.’’ ચોર તેની સાથે ઈબાદતમાં લાગી ગયો. સવારે તે જવા લાગ્યો તો મકાન માલિકે ૧૦૦ દીનાર આપીને કહ્યું કે, લો! આ તમારી

# اقيموا الصلاة

એક રાતની નમાઝ અને ઈબાદતની મજુરી (વળતર) છે.

ચોર ઉત્તેજિત થઈ ગયો. પાછા ફરીને કહ્યું, મને આપની પાસેથી કોઈ મજુરી-વળતર નથી જોઈતું. આખી રાતની નમાઝ અને ખુદાની ઈબાદતથી મને જે મનની શાંતિ પ્રાપ્ત થઈ છે તેની તુલનામાં આ પૈસા તો અત્યંત તુચ્છ છે અને તે પછી તે ચોર અલ્લાહવાળાઓમાં સામેલ થઈ ગયો.

આ પ્રસંગથી એ હકીકત પ્રસ્થાપિત થાય છે કે નમાઝ મનુષ્યને ગુનાહોથી વિમુક્ત કરે છે, એટલું જ નહીં, તેને ઉચ્ચ દરજ્જો અને આધ્યામિક શાંતિ પણ પ્રદાન કરે છે.





# પરલોક (આખેરત)ની ચિંતા

એક રાજાએ એક ખૂબ જ સુંદર અને મજબૂત મહેલ બંધાવ્યો અને તેના બાંધકામ પાછળ અઢળક ધન ખર્ચી નાંખ્યું. મહેલ પૂર્ણ થઈ ગયા પછી તેણે સમગ્ર દેશમાં ઘોષણાં કરાવી કે બધાં લોકો આવીને મારા મહેલને જુએ અને તેમાં જે ખોડ-તૃટી રહી ગઈ હોય તે મને જણાવે.

રાજા દરેક આવનારને મહેલની ખોડ-તૃટી વિશે પૂછતો. પરંતુ સઘળા આવનારાઓ મહેલની સુંદરતા-મજબૂતાઈની પ્રશંસા જ કરતાં હતાં. પરંતુ એક દિવસ ફાટેલા કપડાં પહેરેલો એક ફકીર આવ્યો, તેણે રાજાને કહ્યુંઃ "તારા મહેલમાં તો મોટી ખોડ છે!"

રાજાએ આશ્ચર્યચકિત થઈને પુછ્યું "એ મોટી ખોડ કઈ છે?"

ફકીરે કહ્યુંઃ "પ્રથમ તો એ કે તું આ મહેલમાં હમેશાં રહેવાનો નથી અને બીજું એ કે આ મહેલ પણ હમેશાં રહેનાર નથી."

આવો મિત્રો! આપણે એકાંતમાં બેસીને ચિંતન કરીએ કે આજે આપણે આ જગતના જીવનને સુંદર બનાવવા માટે કેટલી બધી મુશ્કેલીઓ વેઠીએ છીએ..... કેટલી તકલીફો ઉપાડીએ છીએ. ચિંતનનો મુદ્દો એ છે કે આ જગતની સુંદરતા હમેશાં આપણાં કામમાં આવશે ખરી? શું આ જગતની સુંદરતા મૃત્યુ પછી પણ આપણો સાથ આપશે ખરી? ના, કદીયે નહીં !!! આ જીવન - આ જગતનો માલ સામાન અને સુંદરતા કોઈ કામ આવશે નહીં. હાં- કાંઈ કામ આવશે તો ફકત અને ફકત નેક કાર્યો કામ આવશે... તેથી આપણાં માટે જરૂરી છે કે આપણે - દરેકે દરેક પગલે - દરેકે દરેક પળે આખેરતનું ભાથું એકત્ર કરતાં રહીએ જેથી કરીને કયામતના દિવસે આપણે શરમાવું ન પડે - પછતાવાનો વારો ન આવે. એવું ન થાય કે આપણે આખેરત (પરલોક)ની ચિંતાને ભૂલી ફકત અને ફકત આ જગતના જીવનને સુંદર બનાવવામાં જ મગ્ન થઈ જઈએ અને તેની લાલસામાં સપડાઈ જઈને પરલોક માટે કાંઈ ન કરીએ. આ જગતની લાલસા તો એવી વસ્તુ છે કે એને જેટલી વધારો તેટલી વધતી જશે અને તમો એની જાળમાં સપડાતાં જ ચાલ્યાં જશો.



# સારા જીવન માટે કુરઆનની ચાર ટેકનિક્સ

## રેહબરે મોઅઝ્ઝમ આયતુલ્લાહ ખામેનાઈની વાણી પ્રમાણે

**આયતુલ્લાહિલ ઉઝમા ખામેનાઈ સાહેબે** પોતાના એક સંબોધનમાં ફરમાવ્યું છે કેઃ ''સ્વસ્થ અને સાચી જીવન શૈલીનો સંબંધ ઘર, કુટુંબ, વંશ, વસ્ત્ર પરિધાન, ખેલકૂદ, આજીવિકા, જુદી-જુદી પરિસ્થિતિમાં મનુષ્યના વ્યક્તિગત અને સામાજિક વ્યવહાર સાથે હોય છે અને કુરઆનના લક્ષ્યો પૈકી એક લક્ષ્ય એવું પણ છે કે તે મનુષ્યને જીવન જીવવાની શૈલી શિખવાડે છે, તેના ઉપર અમલ કરીને આપણે દરેક ક્ષેત્રે સફળતાના સર્વોચ્ચ શિખરોને સર કરી શકીએ કેમકે આપણું જીવન એક આચારસંહિતાને આધિન છે, જો આપણે તે આચારસંહિતા આપણાં જીવનમાં અપનાવીશું નહીં તો છેવટે આપણને નિષ્ફળતા જ હાથ લાગશે અને સદ્‌ભાગ્ય અને સફળતા પ્રાપ્તિ તો આપણાં માટે મૃગજળ સમાન જ રહી જશે.''

રેહબરે મોઅઝ્ઝમ એ પોતાના સંબોધનમાં વધુમાં ફરમાવ્યું છે કેઃ

આ વિષે અત્યંત અગત્યની આયત સૂરએ કસસની ૭૭મી આયત છે જેમાં સફળ જીવનની ચાર અગત્યની ગરૂચાવીઓ (ટેકનિક્સ)નું વર્ણન છે. આયતમાં ઈર્શાદ થાય છે કેઃ ''વબ્તગે ફીમા અતાકલ્લાહુલ દારલ આખેરતા-વ-લા તનસા નસીબકા મિનદ્દ્‌દુન્યા-વ-અહસિનો કમા અહસનલ્લાહો ઈલૈકા વલા તબ્ગિલ ફસાદા ફિલ-અર્ઝે ઈન્નલ્લાહા લા-યોહિબ્બુલ મુફસેદીન.'' અર્થાતઃ ''અને અલ્લાહે તને જે કાંઈ આપી રાખ્યું છે તેના થકી તું પરલોક (આખેરત)ના ઘર (જીવન)ની વ્યવસ્થા કર અને આ જગતમાં પોતાના ભાગને હાથમાંથી સરી જવા દેતો નહીં

અલ્લાહે તારી સાથે ભલાઈ કરી છે તું પણ (ખુદાના બંદાઓ સાથે) ભલાઈપૂર્વક વર્તાવ કરતો રહે અને પૃથ્વી પર અરાજકતા (ફસાદ) ફેલાવનારો બનીશ નહીં (કેમકે) નિઃસંશય અલ્લાહને અરાજકતા ફેલાવનારાઓ પસંદ નથી.''

**સફળ જીવનના મંત્રની પ્રથમ ચાવીઃ- ભવિષ્યની ચિંતા કરતાં રહોઃ**

આ આયતમાં ખુદાવન્દે આલમે ફરમાવ્યું છે કેઃ ''વબ્તગે ફીમા અતાકલ્લાહુલ દારલ આખેરતા'' એમાંથી એવો બોધ તારવી શકાય તેમ છે કે આપણે સદા ભવિષ્યની ચિંતા પણ કરતાં રહેવું જોઈએ. કુરઆને મજીદની આયત સમગ્ર મનુષ્ય જાતિને શિખામણ આપે છે કે આ જગતના જીવનમાં અલ્લાહે તમારા ઉપર જે દયા-કૃપા કરી છે -જે કાંઈ આપ્યું છે તેનાથી લાભ લેતાં રહેવાની સાથે ભવિષ્યની- તેમાં પણ ખાસ કરીને પરલોકના જીવનની ચિંતા પણ કરતાં રહેવું જોઈએ અને ભવિષ્ય માટે એટલે કે પરલોકના જીવન માટે પણ ભાથું એકત્ર કરીને રાખવું જોઈએ. આ ભવિષ્યની ચિંતા પરલોકના જીવન માટે ખાસ હોવી જોઈએ કે જે વિશે આ આયતમાં ખાસ ઈર્શાદ થએલ છે. તેવી જ રીતે આ ભવિષ્યની ચિંતા આ જગત અને આ જગતના જીવન માટે પણ રાખવી જોઈએ. આપણાં માટે જરૂરી છે કે આપણે જ્યારે આ જગતના આપણાં લક્ષ્યની પ્રાપ્તિ માટે આયોજન કરીએ અને તે લક્ષ્યની પ્રાપ્તિ માટે પોતાની સંપૂર્ણ શક્તિ લગાવીને પ્રયાસ કરીએ, જે નેઅમતો આપણને પ્રાપ્ત થએલી છે અને જે શક્યતાઓ આપણે મેળવી શકીએ તેમ છીએ તે તમામનો યોગ્ય અને કુશળ રીતે લાભ લેવો જોઈએ કે જેથી કરીને જીવનમાં (આપણાં માટે અને બીજાઓ માટે પણ) વધુ શક્યતાઓ પ્રાપ્ત કરી શકાય.

## સફળ જીવનના મંત્રની બીજી ચાવીઃ- પોતાના ભાગની સુંદરતાને (સફળતાઓને) હાથમાંથી જવા ન દોઃ

આ અંગે ફરમાવ્યું છે કેઃ ''વ-લા-તનસા નસીબકા મિનદ્ દુન્યા'' એટલે કે આ જગતમાંના પોતાના ભાગને પોતાના હાથમાંથી સરી જવા દેશો નહીં. જેથી કરીને આપણે આ જગતનો જે મળવાપાત્ર (જાઈઝ) આનંદ પ્રમોદ ભોગવી શકીએ અને પોતાને તેનાથી વંચિત ન કરી દઈએ. આ બાબત ખુદાવન્દે આલમે સૂરએ અઅરાફની ૩૨મી આયતમાં પણ આ રીતે ફરમાવી છેઃ ''કુલ મન હર્રમા ઝીનતલ્લાહિલ્લતી અખરજા લે-ઈબાદેહી વત્તય્યેબાતે મિનર્રિઝકે, કુલ હેયા લિલ્લઝીના આમનૂ ફિલ-હયાતિદ્દુન્યા ખાલેસતંય્યવ્મલ કિયામતે કઝાલેકા નોફસ્સેલુલ આયાતે લે-કૌમિં-યઅલમૂન'' અર્થાતઃ ''(હે પયગમ્બર સ.અ.વ.) આપ કહી દો કે અલ્લાહે (હલાલ ઠરાવેલા) શણગારને કે જે તેણે પોતાના બંદાઓ માટે પેદા કર્યા છે તેને કોણે નિષિધ્ધ (હરામ) કર્યા છે અને પવિત્ર (પાક) આજીવિકાને કોણે હરામ કરી છે અને કહી દો કે આ દયા-કૃપા (નેઅમતો) એ લોકો કે જેઓ ઈમાન લાવ્યાં છે તેમના માટે આ જગતના જીવનમાં તો હશે જ તેવી જ પરલોકમાં પણ તેમના માટે ખાસ નેઅમતો રાખવામાં આવી જ છે. આવી રીતે અમે જ્ઞાની અને સમજદાર લોકો માટે અમારી આયતો સવિસ્તાર વર્ણવી દઈએ છીએ.''

## સફળ જીવનના મંત્રની ત્રીજી ચાવીઃ-

''વ અહસિનો કમા અહસનલ્લાહો ઈલૈકા'' અર્થાતઃ ''અને જે રીતે અલ્લાહે તારી સાથે ભલાઈ કરી છે તું પણ બીજાઓ સાથે ભલાઈ કરતો રહે.'' એટલે કે તમે એવું ઈચ્છતા હોવ કે તમારી વિડંબના વખતે કોઈ તમારી સહાયતા કરે અને તમને ટેકો આપે તો તે માટે જરૂરી છે, તમો

પણ બીજાની વિડંબના વખતે -અને તેમને મદદની જરૂર હોય ત્યારે- તેમની સહાયતા કરવા દોડી જાવ. બીજાઓ સાથે સદવર્તાવ કરવાનું ક્ષેત્ર અત્યંત વિશાળ છે. આપણુ કોઈ નાનકડું કાર્ય પણ ભલાઈ અને સદ્વર્તાવનું કાર્ય બની શકે છે. દા.ત. ગુરૂ અને માંની વાત માનવી, સારા લોકો સાથે પ્રેમપૂર્વકનો વર્તાવ, મિત્રોના સદકાર્યોમાં તેમને સાથ-સહકાર આપવો ઈત્યાદી ઈત્યાદી.

**સફળ જીવનના મંત્રની ચોથી ચાવીઃ- થાળીમાંથી ભોજન આરોગો પણ થાળીને તોડી ન નાખતાંઃ**

આયતના અંતિમ ભાગમાં ઈર્શાદ થાય છે કેઃ ‘‘વલા-તબ્ગિલ ફસાદા ફિલ-અર્ઝે ઈન્નલ્લાહા લા-યોહિબ્બુલ મુફસેદીન’’ અર્થાતઃ ‘‘અને પૃથ્વી ઉપર અરાજકતા ફેલાવવાનું તો વિચારીશ પણ નહીં (કેમકે) અલ્લાહ અરાજકતા ફેલાવનારાઓને પસંદ નથી કરતો.’’ ખુદાવન્દે આલમે આયતના આ ભાગમાં મનુષ્યજાતિને એ હકીકત સમજાવી છે કે જે નેઅમતો (અલ્લાહની દયા-કૃપા) અને જે તકો અલ્લાહે તમારા સામ્થ્યર્મમાં મૂકી છે તેને સત્યના અને સાચા માર્ગે ઉપયોગ કરો. જો તમો એમ કરશો તો તેમાં (અલ્લાહની દયા-કૃપા, નેઅમતોમાં) વૃધ્ધિ જ થતી રહેશે. (આ આયતમાં ફસાદ શબ્દનો તેના વિશાળ અર્થમાં પ્રયોગ થયો છે, તેનો અર્થ લડાઈ-ઝગડો કરવો કે ખુનામરકી કરવી એટલો જ નથી પરંતુ આ આયતમાં ફસાદ શબ્દનો અર્થ અલ્લાહની કોઈ પણ નેઅમત - તે બીજાની પાસે હોય તો પણ- તેનો દુરઉપયોગ- એ પણ થાય છે.)

ટૂંકમાં આ ગુરૂમંત્રો પ્રમાણે આપણે વર્તન કરીશું તો આ જગત અને પરલોક બંનેમાં સફળ થઈશું.

# ખુદા સાથે યુદ્ધ

# جنگ با خدا

## કુરઆન મજીદઃ

કુરઆનમાં ઘોષણાં કરવામાં આવી છે કે જેઓ વ્યાજખોર છે તેઓ કયામતના દિવસે એવી રીતે ઉભા થશે કે જેમને શૈતાને અડકી જઈને પાગલ (બુધ્ધિહીન) બનાવી દીધાં હોય. આવું એટલા માટે થશે કેમકે તેઓ એવું કહેતાં હતાં કે વેપાર પણ વ્યાજની જેમ જ છે ને. જોકે અલ્લાહે વેપારને હલાલ અને વ્યાજને હરામ કર્યો છે. (એટલે કે આ બંને સરખા નથી) તેથી જે વ્યક્તિએ ખુદાની આજ્ઞા સ્વીકારીને વ્યાજ લેવાનું છોડી દીધું, તે અગાઉ જે કાંઈ લઈ ચુકયો છે તે જ ગણાશે અને તેનો મામલો અલ્લાહ હસ્તક છે. પરંતુ જેણે (ખુદાની આ આજ્ઞા છતાં પણ) વ્યાજ લેવાનું ચાલુ રાખ્યું તો એવા લોકો જહન્નમમાં જશે અને તેઓ હમેશાં ત્યાંજ રહેશે. (સૂરએ બકરહ, આયત ૨૭૫)

# હદીસોઃ

♈ નબી સ.અ.વ.એ ઈમામ અલી અ.સ.થી ફરમાવ્યું છે કેઃ "વ્યાજખોર સાથે મિત્રતા રાખશો નહીં એટલા માટે કે તે ખુદાવન્દે આલમ સાથે યુધ્ધ કરવા ઉભેલો છે. કેમકે ખુદાવન્દે આલમે ફરમાવ્યું છે કે જો વ્યાજખોરી છોડશો નહીં તો ખુદા અને તેના રસૂલ સ.અ.વ. સાથે લડાઈ જાહેર કરી દો." (મીરાસે હદીસે શીઆ, ભા ૨, પા ૪૬, હદીસ ૧૮૯)

♈ રસૂલે ખુદા સ.અ.વ.એ ફરમાવ્યું છે કેઃ "જે વ્યક્તિ વ્યાજનો માલ ખાય છે ખુદાવન્દે આલમ તેટલા પ્રમાણમાં જ તેના પેટને જહન્નમની આગથી ભરી દેશે, જેટલા પ્રમાણમાં તેણે વ્યાજ મેળવીને માલ મેળવ્યો હોય અને તેના કોઈ પણ સદ્‌કાર્યને સ્વીકારશે નહીં અને જ્યાં સુધી તેની પાસે રજમાત્ર પણ વ્યાજનો માલ હશે ત્યાં સુધી ખુદા અને તેના ફરિશ્તાઓ તેના ઉપર લાનત કરતાં રહેશે." (સવાબુલ-આઅમાલ, પા ૨૮૫)

♈ ઈમામ રિઝા અ.સ.એ ફરમાવ્યું છે કેઃ "અલ્લાહ (આપણાં ઉપર) દયા કરે! જાણી લો કે વ્યાજખોરી હરામ અને મોટા ગુનાહો પૈકી છે. એવી વ્યક્તિ માટે અલ્લાહ તઆલાએ જહન્નમનો વાયદો કર્યો છે. તેથી હું ખુદાની અગ્નિ (ખુદાના ક્રોધની અગ્નિ - જહન્નમની આગ)થી રક્ષણ ચાહું છું. વ્યાજખોરીને સઘળા નબીયોએ હરામ કહી છે અને સઘળા આસમાની પુસ્તકોમાં તેને (વ્યાજખોરી) હરામ ગણવામાં આવેલ છે." (ફિક્હુર્રિઝા, ભા ૭, હદીસ ૨૫૬)

# કુરઆને મજીદમાં
# અનેક વિદ્યાઓ અંગેના ઉલ્લેખો

(ગતાંકથી ચાલૂ)

## ૧૩. કુરઆન અને અંતરિક્ષ વિજ્ઞાનઃ-

“યા મઅશરલ જિન્ને વલ-ઈન્સે ઈનિસ્તતઅતુમ અન-તનફુઝૂ મિન-અકતારિસ્સમાવાતે વલ-અર્ઝે ફન્ફુઝૂ લા-તન્ફુઝૂના ઈલ્લા બે-સુલ્તાન.” (સૂરએ રહેમાન, આયત ૩૩)

અર્થાતઃ “હે જિન્નાત અને મનુષ્યોના ટોળા! અગર જો તમારામાં આકાશો અને પૃથ્વીની ચારે કોરથી (હદમાંથી) નીકળી જવાનું સામર્થ્ય હોય તો નીકળી જાવ (નીકળીને બતાવો) પરંતુ અસાધારણ સામર્થ્ય વગર તમે કદીયે નીકળી શકશો નહીં.”

આયતમાં આકાશો અને પૃથ્વીની ચારે કોરની વિશાળ સીમાના ઉલ્લેખ સાથે અંતરિક્ષમાં પહોંચવાની શક્યતા અંગે પ્રકાશ પાડયો છે અને એ તો તદન સ્પષ્ટ છે કે જ્યારે અસાધારણ સામર્થ્ય થકી પૃથ્વીના ગુરૂત્વાકર્ષણની સીમાને પાર કરીને જ અંતરિક્ષની અસીમ સીમામાં પહોંચવું શક્ય થઈ શકતું હોય તો પછી ચંદ્ર અને સૂર્ય સુધી પહોંચવામાં પણ કોઈ અડચણ નડવી જોઈએ નહીં.

જો કે કેટલાંક ભલાભોળા લોકોએ આ આયતને ટાંકીને ચંદ્ર સુધી પહોંચવું અશક્ય છે તેવી દલીલ કરી છે, પરંતુ તેમણે એ લક્ષમાં લેવું જોઈએ કે ચંદ્ર અને સૂર્ય વિગેરે પણ આકાશો અને પૃથ્વીની વિશાળતામાં જ સમાએલાં છે. કુરઆને મજીદમાં જે બાબતને લગભગ અશક્ય ગણાવી છે તે અંતરિક્ષની વિશાળતામાંથી બહાર નીકળી જવા સંબંધિત છે. નહીં કે અંતરિક્ષની વિશાળતાનો પ્રવાસ!! અને જો એવું હોત તો આયતમાં જિન્નાતોને સંબોધવામાં આવ્યાં ન હોત કે જેઓ તો અંતરિક્ષમાં હમેશાંથી વિહાર કરતાં રહે છે.



## ૧૪. કુરઆન અને ખગોળશાસ્ત્રઃ-

“સુમ્મસ્તવા ઈલસ્સમાએ વ-હેયા દુખાનુન” (સૂરએ ફુસ્સેલત, આયત ૧૧)

અર્થાતઃ “પછી તેણે (સમગ્ર સૃષ્ટિના સર્જનકર્તા અલ્લાહે) આકાશ પ્રતયે ધ્યાન આપ્યું કે જે તે સમયે (એટલે કે આકાશ માત્ર) ઘુમાડો હતો.”

આ આયત એ હકીકત દર્શાવે છે કે આકાશોના સર્જનનો આરંભ ઘુમાડાથી થયો હતો.

“અલમ તરા કૈફા ખલકલ્લાહો સબઆ સમાવાતિન તિબાકંવ-વ-જઅલલ કમરા ફીહિન્ના નૂરંવ વ-જઅલશ્શમ્સા સિરાજા.” (સૂરએ નૂહ, આયત ૧૫-૧૬)

અર્થાતઃ “શું તમે આ નથી જાણતાં, અલ્લાહે આકાશોનું સાત પડમાં કેવી રીતે સર્જન કર્યું અને તેમાં ચંદ્રને પ્રકાશ અને સૂર્યને દીવો બનાવી દીધો.”

આ આયત એ હકીકત પ્રત્યે અંગૂલી નિર્દેશ કરે છે કે સૂર્યનો પ્રકાશ તેનો પોતાનો પ્રકાશ છે જ્યારે ચંદ્રનો પ્રકાશ બીજા પાસેથી મેળવેલ પ્રકાશ છે.

“અલ્લાહુલ્લઝી રફઅસ્સમાવાતે બેગૈરે અમદિન-તરવનહા.” (સૂરએ રહદ, આયત ૨) અર્થાતઃ “અલ્લાહ એ જ છે જેણે આકાશને, તમે જુઓ છો તેમ, થાંભલાઓ વગર ઉંચે ઉભો કર્યો છે.”

આ આયત એ હકીકત દર્શાવે છે કે આકાશોની ઉંચાઈઓ કોઈ અદ્રશ્ય થાંભલો અવશ્ય છે કે જેને આધુનિક વિજ્ઞાને ગુરૂત્વાકર્ષણ નામ આપ્યું છે.

એક અન્ય જગ્યાએ ખુદાએ ફરમાવ્યું છે કેઃ “ખુદા જેને તેની નીતિભ્રષ્ટતા અને કુમાર્ગ પર તરછોડી દે છે તેની છાતીને એટલી સાંકડી કરી દે છે કે જાણે તે આકાશમાં ઉંચે હોય.” આ આયત સ્પષ્ટ રીતે એ હકીકત દર્શાવે છે કે આકાશની ઉંચાઈએ શ્વાચ્છો-શ્વાસમાં તકલીફ પડે છે (જાણે કે છાતી ભીંસાઈ રહી હોય- છાતી સાંકડી થઈ ગઈ હોય- તેવું લાગે છે) કેમકે આકાશની ઉંચાઈવાળા વાતાવરણમાં હવામાં પ્રાણવાયુની માત્રા પૃથ્વી પરના વાતાવરણમાંના પ્રાણવાયુની માત્રા કરતાં ઘણી ઓછી હોય છે.



# રસૂલુલ્લાહ સ.અ.વ.ના

# વિશિષ્ટ ગુણો હપ્તો છઠ્ઠો

૯૧. જમ્યા પછી હાથ અવશ્ય ધોતાં હતાં.

૯૨. પાણી પીતાં પહેલાં ''બિસ્મિલ્લાહ'' પઢતાં હતાં. થોડુંક પાણી પીધા પછી ગ્લાસ (પાણી પીવાનું જે પાત્ર હોય તે) હોંઠ પરથી ખસેડી લેતાં હતાં અને ''અલ્હમ્દો લિલ્લાહ'' કહેતાં હતાં. પાણી ત્રણ ટુકડે પીતાં હતાં.

૯૩. માથા અને દાઢીને આબે-સિદ્ર (બોરડીના પાણી)થી ધોતાં હતાં.

૯૪. (શરીર ઉપર) તેલ માલિશ કરવાનું પસંદ નહોતાં કરતાં.

૯૫. પોતાની સમક્ષ કોઈને ઉભા રહેવાની પરવાનગી આપતાં નહોતાં.

૯૬. બે આંગળીઓથી નહીં પણ ત્રણ આંગળીઓથી ખાતાં હતાં.

૯૭. કોઈ પણ અત્તર આપ સ.અ.વ.ના પરસેવાથી વધારે સુગંધિત નહોતું.

اللهم صل علی محمد وآل محمد وعجل فرجهم

૯૮. રિવાયતમાં છે કે એક વખત આપ સ.અ.વ. પ્રવાસમાં હતાં ત્યારે (જ્યાં રોકાયાં હતાં) પોતાના સાથીઓને ભોજન માટે એક ઘેટું હલાલ (ઝિબ્હ) કરવા કહ્યું. એક વ્યક્તિએ કહ્યું: ‘‘હું હલાલ કરીશ.’’ બીજાએ કહ્યું: ‘‘હું ચામડું આપીશ.’’ ત્રીજાએ કહ્યું:‘‘હું રાંધી ઉતારી આપીશ.’’ આપ હઝરત સ.અ.વ.એ ફરમાવ્યું: ‘‘બળતણના લાકડાં વનમાંથી હું એકત્ર કરી લાવીશ.’’ સાથીઓએ કહ્યું: ‘‘હે રસૂલુલ્લાહ! આપ સ.અ.વ.એ આ કષ્ટ વેઠવાની શી જરૂર છે? (અમે છીએ ને)’’ આપ સ.અ.વ.એ ફરમાવ્યું: ‘‘હું મારી જાતને તમારા કરતાં ઉચ્ચ દરજ્જાની ગણું તે મને પસંદ નથી. એ વ્યક્તિ કે જે પોતાને પોતાના સાથીઓથી ઉચ્ચ દરજ્જાનો સમજે છે તેનાથી ખુદા ધૃણાં કરે છે.’’

૯૯. અનસ એ કહ્યું કે: ‘‘મે રસૂલુલ્લાહ સ.અ.વ.ની સેવા દસ વરસ સુધી કરી હતી અને આ સમયગાળા દરમ્યાન આપ સ.અ.વ.એ કદીયે સામાન્ય ઉંહકારો સુધ્ધાં કર્યો નહોતો.’’

૧૦૦. આપ સ.અ.વ.ના થુંક (રાળ)માં (પણ) રોગો દૂર કરવાની શક્તિ (શિફા) હતી.

૧૦૧. આપ સ.અ.વ. દરેક ભાષામાં વાર્તાલાપ ફરમાવી શકતાં હતાં.

૧૦૨. આપ સ.અ.વ. લખી વાંચી શકતાં હતાં પરંતુ આપ સ.અ.વ. એ કદી (કાંઈ) લખ્યું નથી.

૧૦૩. આપ સ.અ.વ. જે પ્રાણીની સવારી કરતાં હતાં તે કદીયે ઘરડો થતો નહોતો.

૧૦૪. આપ સ.અ.વ. જ્યારે કોઈ પત્થર અથવા વૃક્ષ પાસેથી પસાર થતાં ત્યારે તે પત્થર અથવા વૃક્ષ (આપ સ.અ.વ.ને) સલામ કરતા હતા.

૧૦૫. માખી-મચ્છર જેવા જીવજંતુઓ કદી આપ સ.અ.વ.ના શરીર ઉપર બેસતાં નહોતાં.

૧૦૬. પક્ષીઓ કદીયે આપ સ.અ.વ.ના મુબારક માથા ઉપરથી ઉડતાં નહોતાં.

૧૦૭. આપ સ.અ.વ. નરમ માટી ઉપર ચાલતાં ત્યારે આપ સ.અ.વ.ના પગલાંના ચિન્હો નરમ માટી પર પણ પડતાં નહોતાં, પરંતુ પત્થર ઉપર આપ સ.અ.વ.ના પદચિન્હો પડી જતાં હતાં.

૧૦૮. તાજી કાકડીને મીઠા સાથે ખાતાં હતાં. તાજા ફળોમાં ટેટી અને દ્રાક્ષ આપ સ.અ.વ. ને ભાવતાં હતાં. આપ સ.અ.વ. સામાન્ય રીતે ભોજનમાં પાણી સાથે ખજુર અથવા દૂધ સાથે ખજુર લેતાં હતાં.



૧૦૯. ભોજન લેવાનું સૌથી પહેલાં શરૂ કરતાં અને છેવટ સુધી ખાતાં હતાં જેથી કોઈ એકલો ન પડી જાય.

૧૧૦. આપ સ.અ.વ.ની સેવામાં પાત્ર (વાસણ) લાવવામાં આવતું ત્યારે પ્રસાદી (તબર્રુક) રૂપે પણ તેમાં હાથ નાંખતાં હતાં અને અણગમો દર્શાવતાં નહોતાં.

૧૧૧. આપ સ.અ.વ. કેદીઓ સાથે દયાળુ વર્તાવ કરતાં હતાં. હાતિમતાઈની દીકરી સાથેનો આપ સ.અ.વ.નો વ્યવહાર આનું જવલંત ઉદાહરણ છે.

૧૧૨. આપ સ.અ.વ.એ કદી પણ કોઈ સન્નારીનું અપમાન કર્યું નથી.

૧૧૩. જ્યારે ઘરમાં પ્રવેશ કરતાં ત્યારે ત્રણ વખત પરવાનગી માંગતાં હતાં.

૧૧૪. માથાના વાળ વ્યવસ્થિત (ઓળેલાં) ન હોય તે આપ સ.અ.વ.ને ગમતું નહોતું.

૧૧૫. આ સઘળા વિશિષ્ટ ગુણો સદ્ચારિત્ર અને નમ્રતાના ગુણો છે.

૧૧૬. આપ સ.અ.વ. અત્યંત મહાન સદ્ચારિત્ર ધરાવતાં હતાં.




# જીભના જખ્મ

## કુરઆન મજીદઃ-

પરવરદિગારનો ઈર્શાદ છે કે:

“હે એ લોકો કે જેઓ ઈમાન લાવ્યાં છો! તમો પૈકી પુરૂષોનો કોઈ (એક) સમૂહ બીજા સમૂહની હાંસી ઉડાડે નહીં - કદાચ (જેમની હાંસી ઉડાડવામાં આવતી હોય) તેઓ સારા હોય અને તેવી જ રીતે સ્ત્રીઓ પણ બીજી સ્ત્રીઓની હાંસી ઉડાડે નહીં - કદાચ તે તેમનાથી બેહતર હોય અને તમો આપસમાં મેણાં ટોણાં પણ મારશો નહીં અને એકબીજાને બુરા નામે બોલાવો પણ નહીં. ઈમાન લાવ્યા પછી જે તૌબા નહીં કરે તે અત્યાચારી છે.” (સૂરએ હુજરાત, ૧૧)



# હદીસોઃ-

પયગમ્બરે અકરમ સ.અ.વ.નું ફરમાન છે કેઃ જે વ્યક્તિ પોતાના કોઈ દીની ભાઈના દુર્ગુણ જોઈ જાય અને તે તેના દુર્ગુણને (બીજાઓથી) ગુપ્ત રાખે તો ખુદાવન્દે આલમ કયામતના દિવસે તેના દુર્ગુણોને સંતાડી દેશે. (કન્ઝુલ ઉમ્માલ, હદીસ ૬૩૯૨)

ઈમામ અલી અ.સ. એ ફરમાવ્યું છે કેઃ મુસલમાન (બીજા) મુસલમાનનો ભાઈ છે તેથી એકબીજાની સહાયતા કરવામાં પાછી પાની કરવી જોઈએ નહીં અને એક-બીજાનું અપમાન કરવું જોઈએ નહીં. (તોહફુલ ઉકૂલ, પા ૨૦૩)

ઈમામ સાદિક અ.સ. એ ફરમાવ્યું છે કેઃ ખુદાવન્દે આલમે ફરમાવ્યું છે કેઃ જે વ્યક્તિ મારા મોમિન બંદાને રંજાડશે તે મારી સાથે લડાઈની ઘોષણાં કરવા બરાબર છે અને જે મારા મોમિન બંદાને માન આપશે તે મારા ક્રોધથી રક્ષિત રહેશે. (કાફી, ભા ૨, પા ૩૫૦, હ ૧)

ઈમામ સજ્જાદ અ.સ. એ ફરમાવ્યું છે કેઃ અઝાબ નાઝિલ થવાનું કારણ બને છે તેવા ગુનાહો પૈકી કેટલાંક આ પ્રમાણે છેઃ

૧. એવી વ્યક્તિ પર અત્યાચાર કરવો જે પહેલાંથી જ અત્યાચાર અને બળજબરીની પીડા ભોગવી ચૂક્યો હોય.

૨. લોકોને જાન-માલની હાની પહોંચાડવી.

૩. લોકોની હંસી-ઠઠ્ઠો કરવો અને મજાક ઉડાડવી. (મઆનિયુલ-અખબાર, પા ૨૭૦, હ ૨)

# કુરઆનની તિલાવતની ફઝીલતો



વહાલા બાળકો !

કુરઆને કરીમની તિલાવત (કુરઆનનું પઠન-વાંચન) આપણાં ઉપર ફરજિયાત છે. એટલું જ નહીં પણ તેની ઘણી મહાનતા અને મહત્વ પણ છે. આવો આ બાબતની કેટલીક હદીસોનું મનન કરીએ.

★ જ્યારે તમને ખુદાથી વાર્તાલાપ કરવાની ઈચ્છા થાય ત્યારે કુરઆનનું વાંચન કરો. (નબીયે અકરમ સ.અ.વ.)

★ ભૂતકાળનું જ્ઞાન અને ભવિષ્યકાળનું જ્ઞાન (એ જ્ઞાન કે જે ભૂતકાળમાં હતું અને આજે નથી અને એ જ્ઞાન કે આજે નથી પરંતુ ભવિષ્યમાં આવશે) મેળવવાની ઈચ્છા ધરાવનારે કુરઆન પઢવું જોઈએ. (નબીયે અકરમ સ.અ.વ.)

★ જ્યારે પણ તમારા હૃદયમાં અલ્લાહના પ્રેમની સરવાણી ફૂટે ત્યારે અલ્લાહની વાણી (કુરઆને કરીમ)ને ધ્યાનથી સાંભળો. (નબીયે અકરમ સ.અ.વ.)

★ પોત-પોતાના ઘરોને તિલાવતે કુરઆનથી પ્રકાશિત કરી દો અને તેને કબ્રસ્તાન ન બનાવી દો. (જે ઘરમાં કુરઆનની તિલાવત નથી થતી તે કબ્રસ્તાન જેવું છે.) જે ઘરોમાં વિશેષ પ્રમાણમાં કુરઆનની તિલાવત થાય છે ત્યાં અલ્લાહની અસિમ કૃપા પણ વિશેષ પ્રમાણમાં હોય છે અને આવા ઘરો આકાશવાળાઓને (ફરિશ્તાઓ) એવી જ રીતે ઝગમગતા દેખાય છે જેવી રીતે પૃથ્વીવાળાઓને આકાશમાં તારા ઝગમગતા દેખાય છે. (નબીયે અકરમ સ.અ.વ.)

★ અલ્લાહની પ્રસન્નતા, દીનની સમજણના આશયથી કુરઆનનું વાંચન કરનાર વ્યક્તિને તમામ ફરિશ્તાઓ, નબીયો, મુરસલીન જેટલું પુણ્ય (સવાબ) પ્રાપ્ત થશે. (નબીયે અકરમ સ.અ.વ.)




- ★ કુરઆનનું આરંભથી અંત સુધીનું વાંચન કરનાર વ્યક્તિને પોતાની દુઆઓ કુબૂલ થઈ જવાની અલ્લાહની કૃપા (નેઅમત) મળી જાય છે. (નબીયે અકરમ સ.અ.વ.)
- ★ તમારા પૈકી સર્વશ્રેષ્ઠ એ વ્યક્તિ છે જેણે કુરઆન વાંચતા શીખ્યું અને બીજાઓને પણ (કુરઆન વાંચતા) શીખવાડ્યું. (નબીયે અકરમ સ.અ.વ.)
- ★ જે કોઈપણ વ્યક્તિએ કુરઆન શીખ્યું- બીજાને શીખવાડ્યું અને તે પ્રમાણે અમલ પણ કર્યો હોય તે વ્યક્તિને સ્વર્ગ (જન્નત) માં પહોંચાડવાની બાંહેધરી હું લઉં છું. (ઈમામ સાદિક અ.સ.)
- ★ જો આખું જગત કબ્રસ્તાન બની જાય (મારા સિવાય બીજો કોઈપણ જીવિત ન રહ્યો હોય તે સ્થિતિમાં પણ) અને તે વખતે મારી પાસે કુરઆન હોય તો તે એકાંતમાં પણ હું કુરઆનનું વાંચન કરીશ. (ઈમામ સજ્જાદ અ.સ.)
- ★ નમાઝમાં ઉભા રહીને કુરઆન પઢવાવાળા વ્યક્તિને અલ્લાહ તેના દરેક શબ્દના બદલામાં ૧૦૦ નેકીઓ આપે છે. બેસીને પઢવાવાળાને પચાસ અને નમાઝ સિવાય કુરઆન પઢવાવાળાને અલ્લાહ દરેક શબ્દના બદલામાં દસ નેકીઓ અતા ફરમાવે છે.

હે વહાલા બાળકો ! રમઝાનના મુબારક માસનો આરંભ થઈ ચુક્યો છે. તેથી આવો ! આ માસમાં આપણે ખુબ જ વધારે પ્રમાણમાં કુરઆનની તિલાવત કરી મહાન પુણ્ય (સવાબ)ના હકદાર બનીએ.

# મનુષ્યનું શયતાન સાથેનું યુધ્ધ

કુરઆને મજીદ પ્રમાણે શયતાન મનુષ્યનો ખુલ્લેઆમ શત્રુ છે. (અઅરાફ, ૫૩) તેથી મનુષ્યો માટે જરૂરી છે કે આપણાં આ તદ્દન ખુલ્લેઆમ શત્રુ સાથે સંપૂર્ણ તૈયારી સાથે મુકાબલો કરવો અનિવાર્ય છે, નહીં તો તે આપણને નષ્ટ કરીને જ રહેશે.

તેથી જ ખુદાવન્દે આલમે આપણાં આ શત્રુ સાથે ખરાખરીના યુધ્ધ માટે આપણને કેટલીક પધ્ધતિઓ શિખવાડી છે અને આપણી કેટલીક જવાબદારીઓ નક્કી કરી છે. તે પ્રમાણે કાર્ય કરવું તે આપણી નજાત અને હિદાયતની ગેરન્ટી છે અને તે પ્રત્યે બેદરકારી અને ગફલત આપણને પદભ્રષ્ટતા અને નાશ તરફ દોરી શકે છે

કુરઆને મજીદમાં શયતાન સાથે યુધ્ધ માટે કેટલીક યુક્તિઓ બયાન કરવામાં આવી છે. દા.ત.

૧. મનુષ્ય માટે જરૂરી છે કે તે શયતાનના પગલે - એટલે કે શયતાને ચીંધેલા માર્ગે ન ચાલે. (બકરહ, ૨૦૮)



૨. નિઃસંશય શયતાન તમારો (મનુષ્યનો) ખુલ્લો દુશ્મન છે માટે જરૂરી છે કે આપણે પણ તેને (પોતાનો) શત્રુ જ ગણીએ. (ફાતેર, ૬)

૩. શયતાનની વાતો સ્વીકારી લઈને આપણે જાણે કે શયતાનની ભક્તિ અને ઈબાદત કરવા લાગીએ છીએ તેથી આપણાં માટે જરૂરી છે કે (શયતાનની વાતો પ્રમાણે વર્તીને) તેને પોતાનો ખુદા (માઅબૂદ) ન માની લઈએ. (ખરેખર તો) તે આપણો ખુલ્લેઆમ શત્રુ છે. (યાસીન, ૬૦)

૪. શયતાનની ચાલબાજીઓ અને યુક્તિઓથી રક્ષણ માટે આપણાં માટે જરૂરી છે કે આપણે સર્વથી મહાન અલ્લાહની પનાહ (રક્ષણ)ની યાચના કરતાં રહીએ અને અલ્લાહ અવશ્ય આપણી સહાયતા કરશે. (કેમકે) નિઃસંશય અલ્લાહ બધું જ સાંભળનાર અને સર્વજ્ઞ છે. (ફુસ્સેલત, ૩૬)



# યવ્મુલ કુદસ (કુદસનો દિવસ)

રમઝાન માસનો છેલ્લો જુમ્આ (શુક્રવાર) “યવ્મે કુદસ” (કુદસનો દિવસ) છે અને આ યવ્મે કુદસ ઈમામ ખુમૈનીની કદી વીસરી ન શકાય તેવી યાદગાર છે.

“યવ્મે-કુદસ” મુસલમાનોના ખૂબ જ મહત્વપૂર્ણ ધ્યેયો અંગે ચેતવણી આપવાનો દિવસ છે.

“યવ્મે કુદસ” યહૂદીઓના અત્યાચારી શાસનના અપવિત્ર મુખ ઉપર એક જોરદાર થપ્પડ છે.

આપણે આ દિવસે અત્યાચાર પીડિત પેલેસ્ટાઈનની જનતા અને તેમના શહીદો અને મસ્જિદે અક્સાની તરફદારી અને સહાયતાના કાજે અને બળજબરીથી સત્તા પચાવી પાડનાર યહૂદીઓ વિરૂદ્ધ પોતપોતાના વિસ્તારો-શહેરો-ગામડાઓ-સભાઓ અને મસ્જિદોમાં પ્રચંડ વિરોધ પ્રદર્શન કરવા જોઈએ.




# ઈદે ફિત્રનો દિવસ

ઈદે ફિત્ર - મુસલમાનોની ઈદ-ઈસ્લામ અને પયગમ્બરે ઈસ્લામની પ્રતિષ્ઠાનું કારણ અને ઈસ્લામનો ક્યારેય ખત્મ ન થનારો ખજાનો છે.

આ દિવસે અમીરૂલ મોઅમેનીન અ.સ. એ ફરમાવ્યું છે કે :

હે લોકો ! આ એ દિવસ છે જેમાં સદ્‌કાર્યો કરનારાઓને તેમના સદ્‌કાર્યોનો સવાબ મળશે. અને જે લોકોએ રમઝાનમાં બુરા કૃત્યો કર્યા છે તેઓ નુકશાનમાં રહેશે અને (અલ્લાહની દયા અને કૃપાથી) વંચિત રહેશે અને ખરેખર તો આ દિવસ એ વ્યક્તિ માટે ઈદનો દિવસ (ખુશાલીનો દિવસ) છે જેના રોઝા-નમાઝો અને ઈબાદતોને પરવરદિગારે કબૂલ કર્યા હોય, અને દરેક વ્યક્તિ માટે એવો દરેક દિવસ ઈદનો દિવસ છે જેમાં તેણે પરવરદિગારની કોઈ આજ્ઞાનું ઉલ્લંઘન ન કર્યું હોય.

# પત્રાવલી


નામ- નકવી મોહમદ નકી ધો = 8th
ગામ- કોડીનાર
Date __/__/____




Date __/__/____
یا علی
یا الله یا محمد یا فاطمہ
یا علی یا حسن یا حسین
નામ: નકવી મોહમદ નકી તસવર હુસયન
ધો: 8th ગામ = કોડીનાર



# જુઓ અને ચિત્ર બનાવો





Publish 10th Every Month, RNI No: GUJGUJ/2015/59960
Registered under Postel Registration No: AHD-C/51/2015-2018 valid up to 31th December 2018
Issued by the SSPO's Ahmedabad City Division, Permitted to post at Ahmedabad PSO on 10th of every month
Published From: HAUZA-E-ILMIYAH IMAM KHOMAINI CHARITABLE TRUST
865/866, Behind Taslim Society, Near Golden Park, Vatva, AHMEDABAD - 382 440

રૂ/. ૩૦



PRINTED AND PUBLISHED BY: RIZVI MOHMED RAZA ABID HUSEIN ON BEHALF OF
HAUZA-E-ILMIYAH IMAM KHOMAINI CHARITABLE TRUST, RNI NO: GUJGUJ/2015/59960
AND PRINTED AT PRINT CARE, N.R. ESTATE, TAVDIPURA, SHAHIBAUG, AHMEDABAD-380 004
AND PUBLISHED FROM HAUZA-E-ILMIYAH IMAM KHOMAINI CHARITABLE TRUST
865/866, BEHIND TASLIM SOCIETY, NEAR GOLDEN PARK, VATVA, AHMEDABAD- 382 440
EDITOR: RIZVI MOHMED RAZA ABID HUSEIN

